R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA


Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 03 • ISSUE : 15 • PAGES : 20 • MUMBAI • DATE : 5TH JUNE 2023

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

## તંત્રી સ્થાનેથી

# ક.દ.ઓ. ટ્રસ્ટીગણ, મંડળો, મહાજનો અને યુવા પેઢી



કાર્ય. તંત્રી : એડ. ઉદયન શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)

પ્ર.સ. એ છેલ્લા કેટલાક તંત્રી લેખોમાં 'મહાજન એટલે માયતર' જ્ઞાતિની સંસ્થાઓનું ઓડિટ જેવા મહત્તવના વિષયો ઉપર રજુઆત કરી હતી. આ લેખ વિશે જ્ઞાતિના પ્રતિભાવો સકારાત્મક હતા. આ સમયે જ્ઞાતિની યુવા પેઢી શું આપણી સંસ્થાઓ અને જ્ઞાતિથી દૂર રહે છે? એ વિશે વાત કરવી છે.

જે જે ગામમાં ક.દ.ઓ. વસે છે ત્યાં ત્યાં યુવક મંડળ હશે જ, જે નાના મોટા સામાજીક કાર્યોને સુપેરે પાર પાડે છે. જ્યાં પાંચ કે દસ કુટુંબો રહે છે એવા ગામોમાં આ કુટુંબો દેરાસરમાં પૂજાપાઠ કરે છે, ધ્યાન રાખે છે, પર્યુષણ પર્વ મનાવે છે. આ બધું દર્શાવે છે કે જ્ઞાતિની યુવા પેઢી જ્ઞાતિથી કે જ્ઞાતિની સંસ્થાઓથી અડગી નથી, પણ 'લોબીંગ' જૂથબંધી અને ટોળકીઓના જમાનામાં તેમની વિશેષતાઓ અને ગુણવત્તાઓને કદાચ દબાવી નાખવામાં આવે છે કાં તો તેઓ જ્ઞાતિના વડીલો સાથે કામ કરતા થોડા ગભરાય છે. અથવા 'હા જી હા' એટલે કે જોકરનો મળતિયો જેને ઇંગ્લીશમાં 'Stooge' અને 'Sycophant' એટલે કે ખોટી મોટાઇ કરી શકવાનો મોટો ગુણ નથી તેમનામાં અને કદાચ બહુ પ્રમાણિક અને મહેનતુ હશે પણ 'સામાજીક' સ્થાન મોટા મોટા ટ્રસ્ટીઓને અનુરૂપ નહીં હોય. કેડીઓ કલાસિક ૪૫ વર્ષની વય સુધીનાઓ માટે 'કેડીઓ કલાસિક યુથ' સંસ્થા ઉભી કરી છે.

દેશી નાટક સમાજનું 'વડીલોના વાંકે' નાટક યાદ આવે છે? વાંક કાઢવાની વેળા નથી હવે . ક.દ.ઓ. યુવાનોને આહ્‌વાન છે કે જ્ઞાતિની સંસ્થાઓની ધુરી સંભાળવાની તૈયારી કરો. વડીલો હવે થાકી ગયા છે અને વડીલો એટલે કે જ્ઞાતિના માનવંતા ખમતીધરો, હવે યુવાનોનો અવાજ સાંભળો અને તમારા માર્ગદર્શન હેઠળ કામ કરવાનો મોકો આપો, એમને હિંમત આપો, પીઠબળ આપો અને એટલા મજબૂત કરો કે લોકસભા/રાજ્યસભામાં પહોંચે.

એક ફોન આવ્યો હતો મને હમણાં... કરોડો રૂપિયા આપવામાં આવ્યા છે છતાં ઇમારત પૂરી નથી થઇ. આ એક આડવાત.

ખમતીધરો, વડીલો, યુવાનો... હવે પરિવર્તન જરૂરી છે, વ્યવસ્થામાં અને વ્યવસ્થાપકોમાં પણ...

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૩, અંક : ૧૫, તા. ૦૫-૦૬-૨૦૨૩**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**


❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

**જુની સાચી જરી બજાર કરતાં વધારે ભાવથી વેચવા માટે K.D.O. સમાજને મહાવીર સારીઝ (સાંતાક્રુઝ-વે)નું ભાવભર્યું આમંત્રણ**

- જુની સાચી જરીની સાડી, ચણીયા-ચોળી, બ્લાઉઝ
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર તથા સેલા
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના દેરાસર તથા માતાજીના મંદીરનાં ચંદરવા-પોઠીયા
- છુટી સાચી જરીની ટીકી, સુરમો, કસબ તથા ઘુઘરી
- બીજે ક્યાંય જતાં પહેલા અવશ્ય અમારા શો-રૂમની મુલાકાત લો.
- રોકડા પૈસા, તરત જ ફાઈનલ, ડાયરેક્ટ કારીગરને વેંચી રેણકસર કાપ્યા વગર વધારે ફાયદો મેળવો.
- ઘરબેઠા તમારી જુની સાચી જરીના માલની રોકડી કરો
- Free Home Visit any where any time

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, દુકાન નં.૨, સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
M. : 96195 54801 / 91371 46272 (SUNDAY CLOSED)

❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

# વસતીપત્રકની KDO VP App અને આપણે

જ્ઞાતિ વસતીપત્રકની વેબસાઇટ આશરે ૨૦૧૪-૧૫માં શરૂ થયા પછી વસતીપત્રક સાથે સંલગ્ન એવી KDO VP App લોન્ચ થઇ ત્યારે એવું લાગ્યું હતું કે આપણી કહેવાતી 'સુશિક્ષિત જ્ઞાતિ' માટે આધુનિક ટેકનોલોજી સાથે તથા ડીજીટલ પ્લેટફોર્મ સાથેનો અતિ ઉપયોગી તથા સરળ માર્ગ આપણને મળ્યો છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી આ બાબતે મનમાં અનેક સવાલો ઊભા થયેલ છે, ઉપરાંત આ એપના ભવિષ્ય માટે પણ ચિંતા થવા લાગી છે. આ એપ દ્વારા આજે દરરોજ આપણને જ્ઞાતિમાં થતા કાર્યક્રમો, મરણ નોંધ, આપણી નજીકનાં સગાઓની જન્મ, લગ્ન વિ.ની તિથિની માહિતી, જ્ઞાતિના લગ્નોત્સુક યુવક – યુવતિઓની વિગતવાર માહિતી, પંચાંગ, કે.ડી.ઓ. જ્ઞાતિના કાર્યક્રમો વિગેરેની ભરપૂર માહિતી મળે છે. આનું અપડેશન પણ નિયમિત ધોરણે થાય છે. આ ઍપની એક અન્ય ખાસિયત પણ એ છે કે બહારના કોઇને પણ એમાં એન્ટ્રી નથી એટલે કે એમાં મુકેલ માહિતિ સંપૂર્ણપણે સુરક્ષિત છે.

હાલમાં એવું ધ્યાન ગયું કે આ એપમાં દરેક સમાચાર એટલે કે દરરોજની મરણ નોંધમાં કેટલાક સમાચારો આવ્યા જ નથી. તપાસ કરતા જાણવા મળ્યું કે જેમને ત્યાં બનાવ બન્યો હોય તે લોકો આ એપમાં તેમની માહિતી મોકલતા જ નથી. આને હું મોટી ભૂલ માનું છું. કેમ કે આ એક Authentic સોર્સ છે જે આપણી સામાજીક માહિતી (સોશિયલ ડેટા)ને અપડેટ કરે છે તથા તેમાં પ્રકાશિત દરેક માહિતી ૧૦૦% સાચી તથા ચકાસેલી જ હોય છે.

ઘણા કિસ્સાઓમાં એવું પણ બને છે કે છોકરી પરણી ગયા બાદ તેમને ઘેર પારણું પણ બંધાઈ જાય પણ ઍપમાં આપણે સુધારો મોકલતા નથી, તેને કારણે તેના માટે માંગાઓ આવ્યા કરે છે. એવી જ રીતે સ્વર્ગસ્થ વ્યક્તિની બાબતે જાણ ન કરાતા તેમના જન્મદિવસે ઍપ તરફથી એમની માહિતી મુકાય છે ત્યારે એમની માહિતીમાં સુધારો ન કરનારા ઘરવાળા આવી બેદરકારી બદલ ઍપને વગોવે છે.

હાલમાં મરણ નોંધ માટે KDO DEEP નામક વૉટ્સ ઍપ ગ્રુપ ચાલી રહ્યા છે, તેમાં બધાને માહિતી મળી જતી હોય છે. એ ચલાવનાર વડીલ શ્રી તિલકભાઇ તથા શ્રી દિપકભાઈ મારા સારા સ્નેહીઓ છે છતાં તેમાં ઘણી વખત ભૂલો આવે છે, જેને કારણે તેમણે ફરીથી 'કરેકશન' સાથે માહિતી આપવી પડે છે. આ એક વોટ્સએપ ગ્રુપ છે, જેમાં અમુક સમય બાદ ઍડમિન જ માહિતી ડીલીટ કરી નાખે છે. આ વૉટસઍપમાં આવતી મરણનોંધમાં પણ હવે ઍડમિન પણ વધુ માહિતી જોવા માટે KDO VP APP ની લિન્ક જ આપે છે. જે દર્શાવે છે કે આ એપ કેટલું મહત્ત્વ ધરાવે છે.

KDO VP APP માં તમારી બધી જ માહિતી સંગ્રહાયેલી રહે છે. તમારા પ્રોફાઇલમાં પણ આવી બાબતો અપડેટ થઇ જાય છે. ક્યારે પણ કોઇને આ માહિતીની જરૂર પડે ત્યારે આપણું વસતીપત્રક તથા આ ઍપ ખૂબ જ ઉપયોગી થવાના દાખલા પણ બન્યા છે. ઘણાં જણ 'શાહ' કે 'જૈન' કે મારી જેમ 'પટેલ' અટક વાપરતા હોય છે તેમને કચ્છમાં આપણી કોઈ વારસાગત પ્રોપર્ટીના કેસમાં 'નાગડા' કે 'મોમાયા' અટકવાળા આપણાં જ વડીલો હતા એવું પુરવાર કરવા આ ડોક્યુમેન્ટસ કામ લાગ્યા છે. એ ઉપરાંત આજના વિભાજીત થતા કુટુંબોમાં આજના યુવાનોને પોતાના કુટુંબની કે એમના વડીલોની માહિતી હોતી જ નથી તે વખતે આ ઍપ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.

આપણી માહિતી જેવી કે ફોન નંબર, સરનામું, નવો ફોન લઇએ તો તેની વિગતો આપણે વોટસઍપથી માંડીને ગુગલ પે જેવી પેમેન્ટ ઍપ, બેન્કોની ઍપ વિ. માં તરત જ અપડેટ કરીએ છીએ. જો ન કરીએ તો આપણાં ઘણાં વ્યવહાર ઠપ થઈ જાય છે. આપણા ફોનમાં બે દિવસ ઈન્ટરનેટ ન મળે તો બેચેન થઈ જઇએ છીએ. મોબાઇલ ફોનમાં એન્ડ્રોઇડ ચાલુ કરવા જેમને કંઇ નથી આવડતું તે પણ Gmail માં ચૂપચાપ Email id બનાવી લે છે પણ જયારે KDO VP APP માં તમારી કે તમારા ઘરનાઓની માહિતી અપડેટ કરવાની વાત આવે ત્યારે શું તકલીક થાય છે તેની જ ખબર નથી પડતી. આપણી જ્ઞાતિની આવી સરસ માહિતીપ્રદ ઍપના ડેટાને આપણી આળસના વાયરસથી કરપ્ટ ન કરવા વિનંતી છે. આપના સામાજીક ફેરફારોની નોંધ યાદ કરીને આ ઍપમાં મોકલો અને એને અપડેટ રાખો. કોને ખબર કાલે કદાચ તમને જ તેની જરૂરત પડે. આજનો જમાનો 'ઇન્ફોર્મેશન'નો છે અને આવી સુરક્ષિત સિક્યોર ઍપ આપને ક્યાંય નહીં મળે. ફેસબુક કે ઇન્સ્ટાગ્રામનો ડેટા ચોરાતો હશે પણ મને લાગે છે આપણો ડેટા વધુ સુરક્ષિત છે.

હાલમાં આવીજ એક બીજી ઍપ kutumb App નામે ઘણાં ગ્રુપોમાં ફેમસ થયેલ છે. તેમાં ઘણાં લલચાવનારા ફીચર્સ પણ છે. પરંતુ આ ઍપ એક પ્રાઈવેટ કંપની દ્વારા

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ – મંજલ રેલડીયા (મુલુંડ)**

ચલાવવામાં આવે છે હેકર્સ આજે ઇન્ટરનેટ પર ખૂબ જ એક્ટીવ છે તથા તેનાથી હોશીયાર કે દૂર રહેવામાં જ સાર છે. આ માહિતી આપ Google પર ચકાસી શકો છો.

આજે આપણા ઘણા યુવાનો IT ક્ષેત્રમાં આગળ વધી ગયા છે. તેમને આવી એપ કેમ ચલાવવી તેના વીશે માહિતી હશે જ. તે બધાને મારી ખાસ અપીલ છે કે થોડો સમય કાઢીને 'પ્રકાશ-સમીક્ષા'ના માધ્યમથી ગુજરાતી કે અંગ્રેજીમાં થોડી માહિતી Share કરીને આપણી 'સુશિક્ષિત જ્ઞાતિ'ને KDO VP APP ની અગત્યતા સમજાવો. વોટસએપ ગ્રુપમાં આવતી બધી માહિતી ચકાસવા માટે એમના એડમિનો માટે જ સમય ફાળવવો મુશ્કેલ હોય છે. જેને કારણે ઘણી વખત ગમે તે પોસ્ટ થઇ જતું હોય છે. હવે તો ઘણા ઍડમીનો એમના આવા 'સોશીયલ ગ્રુપ'માં આવતા મેસેજોમાં તેમની કોઇપણ જવાબદારી નથી એવું લખતા પણ થઇ ગયા છે. જ્યારે KDO VP APP માં એમની ટીમ બધું ચકાસ્યા બાદ જ અપલોડ કરતી હોય છે.

આવી એપ ચલાવવાનો ખર્ચ પણ ઘણો જ આવતો હોય છે પણ આપણે એ બાબતે ક્યારેય વિચારી શક્યા નથી. આપણા જ્ઞાતિના એક IT એક્સપર્ટ વર્ષોથી વસતીપત્રકની અગાઉની વેબસાઇટથી માંડીને હાલની ઍપને કાર્યરત રાખી રહ્યા છે. એમને હરહંમેશ એક જ ચિંતા હોય છે કે એમની ટીમના ૮-૧૦ લોકો ૨૫,૦૦૦ જેટલી વસતીની માહિતીને અપડેટ રાખવા દિન-રાત મહેનત કરે છે પણ જ્ઞાતીમાંથી એમને પુરતો સહયોગ મળતો નથી.

ચાલો, આપણે સંકલ્પ કરીએ કે હું મારા કુટુંબની દરેક માહિતી અપડેટ કરાવવાની જવાબદારી લઉં છું અને કોઈપણ ફેરફાર તુરંત અપડેટ કરાવીશ. આ એપમાં જ તમારી તથા તમારા કુટુંબની માહિતી તદન સહેલાઇથી અપડેટ કરાવવાની સગવડ છે જ. હા, તમારે પ્રુફ આપવા પડશે, જેમ અન્ય એપને આપો છો તેમ જ. તમારે ફક્ત ઍપમાં રીક્વેસ્ટ મુકવાની છે તેનું વેરીફીકેશન વિવિધ પધ્ધતિઓથી થઇ જશે. તમારા ફેરફારો વેબસાઇટમાં પણ થઇ જશે અને વસતીપત્રકના ડેટામાં ઉમેરાઇ જશે.

જેમ ફેસબુક વિગેરે પર તમે જાતે અપડેશન કરો છો તે મુજબ જ વસતીપત્રક માટે પણ કરો. સમગ્ર કુટુંબની માહિતી ઘરની એક જાણકાર વ્યક્તિ કરી શકે છે. આમ ન કરવાથી ઘણાં કુટુંબો જ્ઞાતિ સાથે જોડાઇ શકશે નહીં અને વસતીપત્રકનો મૂળ હેતુ જ નકામો થઇ જશે, વસતિપત્રકની વેબસાઇટ ઍપને ૧૦૦% સંપૂર્ણ બનાવવી હશે તો આપણા અભિગમમાં બદલાવની જરૂરત છે.

**- નવીન પટેલ-વડોદરા**


# Vacancy for Assistant Warden for Girls Hostel

Apply with complete resume and two references

Accommodation and Dining facilities will be provided

Salary As per merit

**Smt Laxmibai Virji Ladhabhai KDO Jain Kanyachatralay**

**C/o. Shri Virji Ladhabhai KDO Jain Vidyarthigruh**

**Shri Bhawanji Arjan Khimji Educational Campus, Laxmi Niwas, Cama Lane, Ghatkopar West- 400086.**

**Phone: 25133174 / E-mail : vlvgtrust@gmail.com**

જય જીરાવલ્લાઃ ।। **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન તેરા** જય શામળીયાઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન તેરા
# શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ તેરા
# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ

**શ્રી તેકુલાધુ પરિવાર સહ જ્ઞાતિજનો,**

શ્રી શામળીયાજી પાર્શ્વપ્રભુ જિનાલય દ્વિશતાબ્દી મહા મહોત્સવ પ્રસંગે તા. ૨૬.૧૨.૨૩ થી તા. ૦૧.૦૧.૨૪ દરમિયાન તેરા તીર્થે પધારનાર સર્વે ભાગ્યશાળી પરિવારજનોને સહર્ષ આમંત્રણ પાઠવીએ છીએ અને તે માટે નીચે આપેલ ફોર્મ ભરવું જરૂરી જ છે.

જય જીનેન્દ્ર,

હું શ્રી/શ્રીમતી ________________________________ તેરા તીર્થે તા. ૨૭.૧૨.૨૦૨૩થી ૦૧.૦૧.૨૦૨૪ દરમ્યાન યોજાનાર શ્રી દ્વીશતાબ્દી મહા મહોત્સવમાં હાજરી આપવા ઈચ્છુ છું. કૃપા કરીને મારી નીચે મુજબની સહમતી સ્વીકારશોજી. (નીચે આપેલ બોક્સ (ચોરસ) માં ✓ કરવાનું રહેશે.)

(૧) હું મારી ટીકીટ જાતે બુક કરીશ ☐

(૨) હું મારા વાહનથી તેરા પહોંચીશ ☐

(૩) સંઘ સાથે મારી ટીકીટ તા. ૨૬.૧૨.૨૩ના બુક કરો. SL ☐ 3AC ☐ અન્ય ________

(૪) અમારી રહેવાની વ્યવસ્થા મહાજન શ્રી દ્વારા કરવામાં આવે જે વ્યવસ્થા અમને માન્ય રહેશે. ☐

(૫) મહોત્સવ દરમ્યાન અમારી રહેવાની વ્યવસ્થા અમે સ્વયં કરીશું. ☐

(૬) મહોત્સવ દરમ્યાન તેરા તીર્થે મારૂં રોકાણ નીચે જણાવેલ તારીખ પ્રમાણે હશે.
(તારીખ થી તારીખ સુધી છે)

હું સંઘ સાથે તા. ૨૬.૧૨.૨૩ના રેલ્વે દ્વારા મુસાફરી કરીશ. નીચે મુજબ મારા અને મારા પરિવારના સભ્યો માટે મુંબઈથી અથવા અન્ય સ્થળ ____________થી ભુજ/ગાંધીધામ સુધીની મારી રેલ્વે ટીકીટ બુક કરાવવા વિનંતી કરૂં છું.

| નં. | નામ | ઉંમર | જાતી(M/F/) |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |
| ૬ | | | |
| ૭ | | | |
| ૮ | | | |

* ઉપરોક્ત નીતિ નિયમ પ્રમાણે રેલવે દ્વારા જે કોઈ સીટ (બર્થ) અમને મળશે તે અમને માન્ય રહેશે.

તારીખ :

આપના વિશ્વાસુ

મોબાઈલ નં. :

(પાછળ જુઓ)

**નોંધ :** આપના યાત્રા-પ્રવાસ દરમ્યાન વ્યક્તિ દીઠ રૂપિયા ૫૦૦/- ડીપોઝીટ પેટે ભરવાના રહેશે. (સ્લીપર ક્લાસ માટે) જે આપને તેરા પહોંચ્યા પછી રીફંડ સ્વરૂપે પરત કરવામાં આવશે.

- સ્લીપર સિવાય આપ જો 3AC કે તે ઉપરાંતમાં ટીકીટ બુકીંગ કરાવવી હોય તો રૂપિયા ૫૦૦/- અને તે મુજબ ટીકીટની વધારાની રકમ તે સાથે જમા કરાવવાની રહેશે.
- મહોત્સવ પરિપૂર્ણ થઈ ગયા બાદ પરત જવાની ટીકીટ આપને પોતાને કરાવવાની રહેશે.
- પ્રવાસ કરનાર દરેક નાની મોટી વ્યક્તિની ( નાના બાળકો સહીત ) નોંધ ફોર્મમાં કરવાની રહેશે.
- આ ફોર્મ સ્વચ્છ અક્ષરે અને સંપૂર્ણ વીગત ભરીને રજુ કરવાનું રહેશે.
- મહોત્સવ દરમ્યાન આપશ્રીની રહેવાની વ્યવસ્થા મહોત્સવ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવશે
- **ફોર્મ ભરવાની છેલ્લી તારીખ. ૩૦/૦૬/૨૦૨૩ સુધી છે. અને આપેલ ફોર્મની ઝેરોક્ષ કોપીમાં ભરવા વિનંતી.**
- નીચે મુજબ કાર્યકર્તાઓનો સંપર્ક કરી ફોર્મ અને રકમ જમા કરાવવાની રહેશે.
- **ફોર્મની કોઈ પણ જાતની પૂછપરછ માટે શ્રી તેજસ ચંદ્રપાલ નાગડા મો નં. ૯૫૯૫૯૧૩૧૧૧.**

## -: ફોર્મ અને રોકડ રકમ જમા કરાવવાના સ્થળ :-

(૧) **બૃહદ મુંબઈ અને અન્ય પ્રદેશો :**

❖ શ્રી ચિરાગ નાગડા મો.નં. ૮૬૫૨૬૮૧૬૮૬. ❖ શ્રી નિર્મેશ મોતા – મો. નં. ૯૯૨૦૨૮૧૪૧૪.

(૨) **ડોંબિવલી માટે :**

❖ શ્રીમતી કવિતાબેન હેમત ધુલ્લા- મો. નં. ૯૬૧૯૩૧૨૩૧૩

(૩) **કચ્છ માટે :** ❖ શ્રી નિરંજનભાઈ લોડાયા-મો. નં. ૯૪૨૭૨૪૯૭૨૦

❖ શ્રી કિર્તીભાઈ ધરમશી (માસ્તર)-મો. નં.૯૪૨૬૧૪૨૨૦૧ ❖ વિપુલ જે. છેડા – મો. નં. ૯૮૨૫૫૫૨૨૨૩

(૪) **ગુજરાત માટે :** ❖ શ્રી શાંતિલાલભાઈ કે. લોડાયા – મો. નં. ૯૮૨૪૦૧૨૯૭૧

(૫) **પુના માટે :** ❖ શ્રી કિશોરભાઈ ટી. રતાણી – મો. નં. ૯૯૨૩૬૦૮૨૦૦

(૬) **નાંદેડ માટે :** ❖ શ્રી કેતનભાઈ નાગડા – મો. નં. ૯૮૬૦૩૦૦૦૦૦

(૭) **નાગપુર, અમરાવતી, કારંજા, યવતમાલ, ખામગામ માટે :**

❖ શ્રી જીગ્નેશ રાજેન્દ્ર લોડાયા- મો. નં. ૮૬૨૩૮૬૬૬૬૬

(૮) **હુબલી અને દક્ષિણ ભારત માટે :** ❖ શ્રી અમિતભાઈ દંડ મો. નં. ૮૦૫૦૦૯૦૯૩૫

(૯) **તમારૂં અરજી ફોર્મ WHATSAPP મારફત સબમિટ કરવા તથા GPAY મારફત સબમિટ કરવા સંપર્ક સૂત્ર :**

❖ શ્રીમતી મમતાબેન મયુર શાહ ( ધરમશી ) મો. નં. ૯૫૯૪૩૩૮૩૫૮

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - તેરા
## શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ તેરાના સર્વે ટ્રસ્ટી વતી
## શ્રી શામળીયા જિનાલય દ્વીશતાબ્દી મહા મહોત્સવ

**પ્રમુખ**
**શ્રી નરેન્દ્ર શામજી દંડ - ૯૦૦૪૩૯૧૪૧૩**

**કન્વીનર**
**શ્રી કુમાર બાબુભાઈ દંડ - ૯૯૨૦૯૩૫૪૧૪**

## શબ્દ કોયડો

# ધર્મસંદેશ - તા. ૦૫-૦૬-૨૦૨૩

**રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)**

**મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨**



| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ■ | ૨ | ■ | ■ | ૩ | ■ | ૪ | ૫ |
| | ■ | ■ | ■ | | ■ | ૬ | | | ■ | |
| ■ | ૭ | | ૮ | | ■ | ૯ | | ■ | ૧૦ | |
| ૧૧ | | ■ | | ■ | ૧૨ | ■ | ■ | ૧૩ | | ■ |
| ■ | | ■ | ૧૪ | | | ૧૫ | | | ■ | ■ |
| ૧૬ | | ■ | | ■ | ■ | | ■ | ૧૭ | | ૧૮ |
| | ■ | ૧૯ | ■ | ૨૦ | ■ | ■ | ૨૧ | ■ | ■ | |
| | ■ | ૨૨ | | | | ■ | ૨૩ | | ૨૪ | |
| ■ | ૨૫ | ■ | ■ | | ■ | ૨૬ | | | | ■ |
| ૨૭ | | | ૨૮ | ■ | ૨૯ | ■ | ■ | ■ | ૩૦ | |
| ■ | | ■ | ૩૧ | | | | ■ | ૩૨ | | ■ |

**આડી ચાવીઓ :**

૧) એક અનંતકાય (૩)
૪) ગુજરાતનું અજીતનાથનું જીનાલય (૨)
૬) જંબુદ્વીપની ફરતે આવેલ સમુદ્ર (૩)
૭) આવતી ચોવીસીના બાવીસમા તીર્થંકર (૪)
૯) ધર્મ કરો કારણ આયુષ્યની એક એક... મુલ્યવાન છે (૨)
૧૦) ઈલાચીકુમાર નટીનાં ..... માં પડ્યા હતા. (૨)
૧૧) વીર એક તારો આધાર ..... માં ભૂલા પડ્યા રે. (૨)
૧૩) શત્રુંજય ઉપર આવેલ પવિત્ર .... (૨)
૧૪) આ ત્રેસઠ હોય (૬)
૧૬) આલોકની મધ્યમાં ...... છે (૨)
૧૭) ચાણસ્મામાં આવેલ ૧૦૮ માંના એક પાર્શ્વનાથ (૩)
૨૨) રાજસ્થાનનું મહાવીર સ્વામીનું તીર્થ (૪)
૨૩) ઋષભદેવનો એક ગણધર (૪)
૨૬) એક કર્મ (૨)
૨૭) એક નરકનું નામ (૪)
૩૦) પ્રભુ (૨)
૩૧) પરમાત્માના મસ્તક પાછળ કયું પ્રાતિહાર્ય હોય (૪)
૩૨) તપાગચ્છની સંવત્સરી...... ની તીથી એ આવે (૨)

**ઊભી ચાવીઓ :**

૧) વીશ વિહરમાનમાંના નવમા તીર્થંકરનું લાંછન (૨)
૨) દિક્કુમારીકાઓ કેટલી? (૩)
૩) જીન ભક્તિથી તિર્થંકરપદ મેળવ્યું (૩)
૫) વિમલનાથનું લાંછન (૩)
૬) જૈનોનું ..... હંમેશા મોક્ષ હોય (૨)
૭) દેવોની દુનિયા (૪)
૮) અજીતનાથના પિતાનું નામ (૪)
૧૦) ચાર અઘાતી કર્મોના ક્ષયથી મળે (૨)
૧૨) પાટણમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨)
૧૩) સીમંધર સ્વામીનું લાંછન (૩)
૧૫) એક અષ્ટ પ્રકારી પૂજા (૨)
૧૬) ચોવીસ તીર્થંકરોની સ્તુતી કરવાનો પાઠ (૩)
૧૮) અભિનંદન સ્વામીનું લાંછન (૩)
૧૯) તત્ત્વો કેટલા? (૨)
૨૦) એક પખ્ખી (૩)
૨૧) શ્રી કૃષ્ણ વાસુદેવ કયા નામથી આવતી ચોવીસીમાં બારમા તીર્થંકર થશે. (૩)
૨૪) આ તીર્થંકરનો પુત્ર પરિવાર ૧૯નો હતો (૪)
૨૫) છાણી ગામમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૨૮) જામનગરમાં આવેલ ૧૦૮માંના એક પાર્શ્વનાથ (૨)
૨૯) બ્રહ્મચર્યની .... નવ હોય. (૨)

---

**ધર્મસંદેશ - ૨૦.૦૫.૨૦૨૩ના જવાબો : આડી ચાવીઓ :** (૧) અષાઢાભૂતિ (૩) અદબદજી (૬) છરિ (૮) બે (૯) સાત (૧૦) અષ્ટાપ્રદ (૧૧) દાંત (૧૩) ઘોડો (૧૪) બે (૧૫) મોક્ષ (૧૬) ગાડલીયા (૧૯) અઢાર (૨૦) ઉના (૨૧) વાડી (૨૨) શ્રેયાંસનાથ (૨૫) સંઘ (૨૬) શ્રેષ્ઠ (૨૭) કાળ (૨૮) પ્રણ (૨૯) જાલોર (૩૧) લોક (૩૨) થમ્ભ. **ઊભી ચાવીઓ :** (૧) અગ્નિ (૨) ભૂખ (૩) અરિહંત (૪) બલસાણા (૫) જીવ (૭) કાપ (૧૦) અણગાર (૧૧) દાંડો (૧૨)અક્ષર (૧૫) મોઢા (૧૭) યાત્રા (૧૮) બે (૧૯) અનાથ (૨૦) ઉના (૨૧) વાઘણ (૨૨) શ્રેષ્ઠ (૨૩) સસલો (૨૪) બળદેવ (૨૫) સંપ્રતિ (૨૬) શ્રેણિક (૨૯) જાપ (૩૦) રથ.

U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS

COMMITMENT
TO EXCELLENCE



OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

www.umkhona.com

CB: 11/189

# શ્રી સી.ડી.ઓ. જૈન શિક્ષણ પ્રસારક સમિતી ટ્રસ્ટ
## અને
## શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન કન્યા છાત્રાલય
## દાતાઓ તરફથી એપ્રિલ-૨૨ થી માર્ચ-૨૩ સુધી મળેલ ભેટની યાદી

| નં. | દાતાશ્રીનું નામ | રકમ |
|---|---|---|
| ૧. | શ્રી લક્ષ્મીચંદભાઈ માલસી નાગડા, હસ્તે શ્રી જયંતભાઈ એલ. નાગડા-રંગપુર, યુ.એસ.એ., કાયમી અનામત ફંડ | ૮૦,૦૦૦ |
| | **કાયમી અનામત ફંડ રકમ રૂા.** | **૮૦,૦૦૦** |
| ૧. | શ્રી અજયભાઈ અમિત ખોના-ભાંડુપ, નલિયા-વિદ્યાર્થીઓને સ્કોલરશીપ પેટે | ૧,૯૧,૭૪૫ |
| ૨. | શ્રીમતી નિરૂપમાબેન અરૂણભાઈ સહસ્ત્રબુદ્ધે, પુના | ૧,૭૫,૦૦૦ |
| ૩. | એક સદ્‌ગૃહસ્થ | ૭૦,૦૦૦ |
| ૪. | શ્રીમતી ભાવનાબેન જયંતભાઈ મેપાની-પ્રજાઉ-પુના | ૬૦,૦૦૦ |
| ૫. | ખીમજી કુંવરજી ટ્રસ્ટ - લોઅર પરેલ | ૫૨,૦૦૦ |
| ૬. | શ્રી આકાશ દેવચંદભાઈ ધરમશી-માટુંગા-સુથરી | ૨૫,૦૦૦ |
| ૭ | શ્રી હરીશભાઈ પાલાણી અને શ્રી કિરણભાઈ પાલાણી, ચુનાભઠ્ઠી-કોઠારા કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીને સ્કોલરશીપ પેટે | ૨૧,૨૧૯ |
| ૮. | શ્રી પ્રકાશ લાલજી મૈશેરી-મુલુંડ | ૧૦,૦૦૨ |
| ૯. | કુ. ખુશ્બુ અરૂણ ડાઘા - મલકાપુર | ૧૦,૦૦૦ |
| ૧૦. | શ્રી મધુકાંત પદમશી ખોના-ઘાટકોપર-જખૌ દોહિત્રીના જન્મદિન નિમીત્તે મિષ્ઠાન ભોજન | ૮,૦૦૧ |
| ૧૧. | શ્રીમતી ભારતીબેન લલિત મૈશેરી-વાપી-મિષ્ઠાન ભોજન | ૮,૦૦૦ |
| ૧૨. | શ્રી પદમકુમાર ધનજી નાગડા-હુબલી | ૬,૦૦૦ |
| ૧૩. | શ્રી પદમશીભાઈ લખમશીભાઈ લાલકા, વારાપધર-આદિપુર પૌત્ર ચિ. તરંગ વિશાલ લાલકાના જન્મદિન નિમીત્તે મિષ્ઠાન ભોજન | ૫,૦૦૧ |
| ૧૪. | શ્રી વિશનજીભાઈ ગોવિંદજી દંડ-ઘાટકોપર-ભરૂડીયા છટ્ઠ પારણા નિમીત્તે મિષ્ઠાન ભોજન | ૫,૦૦૧ |
| | **કુલ ડોનેશન રકમ રૂા.** | **૬,૪૬,૯૬૯** |

# શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ ક.દ.ઓ.જૈન કન્યા છાત્રાલય

**૧૪૨, કૃષ્ણ કિરણ, ગારોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઇ-૪૦૦ ૦૭૭.**

**ફોનઃ ૨૫૦૬૩૪૪૯**

**શાળા તથા કોલેજ વિભાગઃ (કે.ડી.ઓ.છાત્રાઓને નિશુઃલ્ક રહેવા-જમવાની સગવડ પ્રાપ્ત છે)**

છાત્રાલયમાં એડમીશનની પ્રક્રિયા ચાલુ છે. છાત્રાલયમાં રહી અભ્યાસ કરવા ઈચ્છુક વિદ્યાર્થીનીઓએ સંસ્થાની ઓફીસમાંથી અરજીપત્રક મેળવવાનું રહેશે.





અરજીપત્રક મેળવવાનો તથા ભરીને પાછું આપવાનો સમય

**સાંજના ૩.૦૦ થી ૫.૦૦ દરમ્યાન**

છાત્રાઓને ઈન્ટરવ્યુ આપવાની તારીખ અને સમય ફોર્મ જમા કરાવતી વખતે જાણી લેવાનો રહેશે.

ઘાટકોપર ખાતેના છાત્રાલયમાં ઈન્ટરવ્યૂ સમયે માતા/પિતા અથવા જવાબદાર વાલી સાથે હાજર રહેવાનું રહેશે, ત્યારબાદ કન્યા છાત્રાલય શરૂ થતા અને રીઝલ્ટ મળતા તેની ઝેરોક્ષ કોપી છાત્રાલયની ઓફિસમાં આપવાની રહેશે.

# કન્યાછાત્રાલય માટે સહાયક ગૃહમાતા જોઈએ છે

**સંપૂર્ણ બાયોડેટા તથા બે રેફ્રન્સ સાથે સ્વઅક્ષરે અરજી કરો રહેવા-જમવાની સગવડતા સાથે**

**પગાર યોગ્યતા મુજબ**

# શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ
# કે.ડી.ઓ.જૈન કન્યાછાત્રાલય

## C/o શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ

**શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ, લક્ષ્મી નિવાસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ) - મુંબઇ-૪૦૦૦૮૬**

**Phone: 25133174 / E-mail : vlvgtrust@gmail.com**

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**



### તેજસ્વી બાળક ધનુજ તેજલ સુંદર

શ્રી નરેશ જયચંદ નાગડાના દોહીત્ર ચિ. ધનુજ તેજલ સુંદરે ફક્ત સાડા ત્રણ વર્ષ ની ઉંમરે હૈદરાબાદ ખાતે ૧૯૫ દેશના રાષ્ટ્રધ્વજ ૩ મિનિટ ૩૦ સેકન્ડમાં ઓળખી બતાવ્યા.

### વાલચંદ એન્જીનિયરીંગ કૉલેજ-સોલાપુર

દેશની પ્રથમ જૈન માઈનોરીટી ઓટોનોમસ એન્જી. કૉલેજ જે એઆઈસીટીઈ, એન બીએ-નવી દિલ્હી અને એન.એ.એ.સી. બેંગલુરૂની માન્યતા પ્રાપ્ત છે. કૉલેજના ફર્સ્ટ ઈયરમાં જૈનો માટે ૫૧% સીટો આરક્ષિત રાખવામાં આવી છે.

### પ.પૂ. મુનીરાજ શ્રી મેઘરક્ષિતસાગરજી મ.સા.

પ.પૂ. મુનીરાજ શ્રી મેઘરક્ષિતસાગરજી મ.સા. વિ.સ. ૨૦૭૯ જેઠ સુદ-૭, શુક્રવાર તા. ૨૬.૫.૨૩ના કાળધર્મ પામ્યા છે. ગઢશીશાના માતુશ્રી હેમલતાબેન મોરારજી આસુભાઈ દેઢિયાના પુત્રરત્ને વિ.સ. ૨૦૬૪માં ગુરુદેવ પ.પૂ. મુનીરાજ દેવરત્નસાગરજી મ.સા. પાસેથી દીક્ષા ગ્રહણ કરી હતી. પાલખીયાત્રા ચંદ્રપ્રભુ અચલગચ્છ જૈન સંઘ થાણા તરફથી આયોજીત.

### રંગપુર સામતાણી નાગડા પરિવારો દ્વારા સમુહ પહેડી

સામતાણી નાગડા પરિવાર રંગપુરના કુળદેવી અંબા માતાજીની સમુહ પહેડી રવિવાર, તા. ૧૧.૬.૨૩ના રોજ મુલુંડ ખાતે આયોજીત કરવામાં આવી છે. સાથે નાગ દેવતા અને સુરાપુરા દાદાના જુહાર પણ થશે.

### કેરાલા સ્ટેટ સ્નૂકર ચેમ્પિયન અતિત મોતા

રાયધણજરના કોચી નિવાસી અતિત ભરત ગોવિંદજી મોતાએ કેરાલા સ્ટેટ સ્નૂકર અને બિલીયર્ડ ચેમ્પિયન શિપ જીતી લઈ રાજ્ય સ્તરીય ટ્રોફી અંકે કરી છે.

### કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદ

કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદ પોતાની સર્વજન સેવાઓને વ્યાપક બનાવવા બ્રાંડીંગ કરશે. બ્રાંડીંગનો હેતુ એટલો જ કે આ સંસ્થા માત્ર કચ્છી જૈનો પૂરતી મર્યાદિત ન રહેતા અન્ય સમાજોને પણ પોતાની સસ્તી પણ કારગર સેવાઓનો લાભ આપી શકે.

આ હેતુથી કચ્છી જૈન સેવા સમાજે અમદાવાદની વિખ્યાત મેનેજમેન્ટ સંસ્થા 'એમઆઈસીએ' મુદ્રા ઈન્સ્ટીટ્યુટ ઑફ કૉમ્યુનિકેશન સાથે ટાઈઅપ કર્યું છે. જેમાં ઓરા કોમ્યુનિકેશન એમ.આઈ.સી.એ. ના વિદ્યાર્થીઓ પ્રો. અરવિંદ સિન્હાના માર્ગદર્શનમાં કામ કરશે.

### હુબ્બાલ્લીના શ્રધ્ધાબેન મોમાયા

ગામ સાંયરાના રાજુલબેન અને અનિસની દિકરી શ્રધ્ધાબેન એલ.એલ.એમ. (ઈન્ટરનેશનલ લૉ અને હ્યુમન રાઈટ્સ) કોર્પોરેટ મરજર્સ એન્ડ એક્વીઝીશન્સમાં ડિપ્લોમા જેવું શિક્ષણ પ્રાપ્ત છે.

સુપ્રીમ કોર્ટના વકીલ શ્રધ્ધાબેન હાલ ટ્રાન્સ ઈન્ડીયા લૉ એસોસિએટ્સના દક્ષિણ ભારત હેડ છે. એક પી.એસ.યુ. માટે હાઈડ્રો પાવર પ્લાંટ હસ્તગત કરવા અને અડાણના સોલર પ્રોજેક્ટ માટે ૧૦૦૦ એકર જમીન એકવાયર કરવા જેવી જવાબદારી પૂરી કરી રહ્યાં છે.

### નવા સંસદભવનમાં જૈન માંગલિક

૨૮ મે ૨૦૨૯માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકારે દેશ માટે વધુ બેઠક સંખ્યા ધરાવતી પાર્લામેંટનું ઉદ્‌ઘાટન કર્યું ત્યારે ભવનમાં સર્વ ધર્મ પ્રાર્થનાનું આયોજન કરાયું હતું. દક્ષિણ ભારતના ચૌલ રાજવંશના ધર્મદંડ પૂજન અને સ્થાપના અને ઉદ્‌ઘાટનમાં દેશના બધા જ ધર્મોની પ્રાર્થના કરાઈ. જૈન ધર્મના પ્રતિનિધી તરીકે તેરા પંથના આચાર્ય લોકેશ મુની આમંત્રિત કરાયા હતા. તેમણે જૈન ધર્મના આશીર્વચન, માંગલિક, ભગવાન મહાવીરના ઉપદેશનું વાચન કરી. બધા જ વિભાગ સ્થાનકવાસી દેરાવાસી દિગંબર, શ્વેતાંબર અને તેરા પંથના જૈન સમાજ વતી વડાપ્રધાનને આશીર્વાદ અને શુભેચ્છા અર્પણ કરી હતી.


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી

**સોનલ આર્ટ** (થાણા) Mob.: 99678 41792

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

## ભાંડુપ આદિનાથ જિનાલય ધ્વજારોહણ

ભાંડુપ આદિનાથ જિનાલયે ૭૮મી ધ્વજા નિમીત્તે ત્રિહાન્કિા મહોત્સવનું આયોજન કરવાનું નિર્ધાર્યું છે.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો તથા શ્રી કદઓ જૈન સંઘ ભાંડુપના નેજા હેઠળ, આગમ દિવાકર પ્રશમરસનિધિ પ.પૂ.આ.ભ. મહોદયસાગરસુરીશ્વરજી મ.સા. આદિ, પ.પૂ.સા. મૌન ગુણાશ્રીજી મ.સા. આદિ તથા પ.પૂ. સા. તારકગુણાશ્રીજી મ.સા. આદિ સાધુ-સાધ્વી ગણ અને પ.પૂ. યતિશ્રીજીની નિશ્રામાં આદિનાથ પંચકલ્યાણક પૂજા, મહાકાલી માતાજીની ભાવના, અઢાર અભિષેક પૂજા ઉપરાંત કદઓ જૈન સંઘ, ભાંડુપ તરફથી સાધર્મિક ભક્તિનું આયોજન છે.

## કિડની-અસ્થિરોગ કેમ્પ

અનંતછાયા, ઘાટકોપર ખાતે તા. ૩.૬.૨૩ના દિને શ્રી રાયચંદભાઈ ધરમશી અને કીરીટભાઈ લાપસીયાના ઉપક્રમે, કિડની અને અસ્થી રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સેવા નિષ્ણાંત સર્જન ડૉ. રાજેશ ઠક્કર.

## નવયુગ યુથ ફોરમ આયોજીત કેરાલા સ્ટોરી શૉ

શ્રી કેડીઓ યુથ ફોરમ અમદાવાદ દ્વારા તાજેતરમાં ૧૮ વર્ષની ઉપરની તરૂણીઓ માટે કેરાલા સ્ટોરીનો નિઃશુલ્ક શૉ યોજવામાં આવ્યો હતો. શો નો હેતુ તરૂણીઓને વિધર્મીઓ દ્વારા વેશ બદલી ફસાવવાનો પ્રયાસ કરાય છે તે બાબત જાગૃતિ આણવાનો છે.

## સર્વોદય મંડળ દ્વારા નેચર ક્યોર સીઝન-૧૦

શ્રી કદઓ જૈન સર્વોદય મંડળ, મુલુંડ દ્વારા કચ્છના રતનવીર નેચર ક્યોર સેન્ટર-બિદડા ખાતે તા. ૨૦ સપ્ટેમ્બરથી ૮ ઑક્ટોબર સુધી નેચરક્યોરની ૧૦મી સીઝન આયોજીત કરવામાં આવશે. આવવા-જવાની ટીકીટ અલગ અને કોઈપણ ઉંમરની વ્યક્તિ લાભ લઈ શકે છે. સંપર્ક : યશોધનભાઈ કારાણી-૯૮૨૧૧૩૭૭૩૭.


Exclusive Embroidery & Upto date Finishing

જ્યોતિ Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed

Originally at Zaveri Bazar since 1976 Follow us on


## પ્રેમકાંતભાઈની ધૂપબત્તી મશીન

નલિયાના ઈરોડ-તામિલનાડુ નિવાસી પ્રેકાંત મણીકાંતભાઈ મૈશેરીએ ગાયના છાણની ધૂપબત્તી બનાવવાનું મશીન વિકસાવ્યું છે. રૂા. ૬૦૦૦ થી ૧૦૦૦૦ સુધીની આ મશીનથી થોકમાં અગરબત્તી બનાવી શકાય છે. ગૌશાળા તથા વ્યક્તિગત સાહસિક માટે ઉપયોગી મશીનની સારી માંગ છે.

## ગિરીશ મેઘાણી એમસીએ સ્કોરર

ગિરીશ મેઘાણી સમયાંતરે કંઈક ને કંઈક અલગ હટકે મેળવતા રહે છે. મુંબઈ ક્રિકેટ એસોસિએશન દ્વારા હાલમાં જ તેમને આઈપીએલ માટે સ્કોરરની જવાબદારી સોંપાઈ છે. એ પહેલા તેમણે પુસ્તક તમસ્તમ તેજ માટે પુરસ્કાર મેળવ્યો છે.

## સખીવૃંદ પુના

તા. ૧૮ માર્ચના ચંદ્રિકાબેન રતાની દ્વારા પ્યારા પ્રભુજીની આંગી વિષય પર મીટીંગ યોજાઇ હતી. ચંદ્રિકાબેને પ્રભુની આંગીને શણગારવા માટે નિશાબેનને આમંત્રિત કર્યા હતા. નિશાબેને આંગી ઉપર ચંદન અને સુખડનો લેપ લગાડીને એની ઉપર મોર પંખનો શણગાર કર્યો જેમાં સિલ્કના ધાગા, ઉન, મોતી, સ્ટોન, વિવિધ કલરની લેસનો ઉપયોગ કરીને ખૂબસૂરત આંગી તૈયાર કરી. ત્યારબાદ પોતાના હાથે તૈયાર કરેલી પ્રભુજીની આંગી દેરાસરમાં સુપ્રત કરી.

## અચલગચ્છ (વિધિપક્ષ) જૈન સંઘના બંધારણમાં સુધારો

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘની સામાન્ય સમિતીની બંધારણ સુધારણાની ખાસ મીટીંગ તા. ૧૧.૬.૨૩ના સવારના ૯ કલાકે બોલાવવામાં આવી છે. ઘાટકોપર પૂર્વ દેરાસર લેનના જીરાવલ્લામાં પાર્શ્વનાથ દેરાસર વાડીમાં બોલાવેલી આ મીટીંગમાં સર્વે શ્રેણીઓના સભ્યોએ સમયસર ઉપસિથત રહેવા હાકલ કરાઈ છે.



### પાસ થયા અભિનંદન

**ખીચાંશી જીંતન શાહ**

**સુથરી (મુલુંડ)**

S.S.C. (ICSE) - 99%


Top in S.S.R. Vidyamandir-Mulund

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

**જીવન ચક્ર**

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ)** – ભરૂડિયા
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



## જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭.૦૫.૨૦૨૩ | પુના | નૈતિક, સુપ્રિયા–આકાશ દિપક લોડાયા | સાંયરા | પુત્ર |
| ૧૩.૦૫.૨૦૨૩ | દાદર | શનય, ક્રીના–નિકેશ રજનીકાંત ધરમશી | રંગપુર | પુત્ર |

## જ્ઞાતિ સગપણ નોંધ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૫.૨૦૨૩ | મુલુંડ | અમિત કીર્તિ લાલજી નાગડા | રંગપુર | ૩૧ |
| | મુલુંડ | કાજલ પંકજ ધનજી લોડાયા | મોટી સિંધોડી | ૩૧ |
| ૨૫.૦૫.૨૦૨૩ | કારંજા | વૈભવ મહેન્દ્ર લક્ષ્મીચંદ લોડાયા | તેરા | ૨૯ |
| | અંબરનાથ | ક્રિપા કેતન દામજી મોતા | નલિયા | ૨૫ |

## જ્ઞાતિ સગપણ છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૦૩.૨૦૨૩ | કોચીન | મેહુલ ભૂપેન જવેરચંદ મૈશેરી | સાંયેરા | ૪૧ |
| | ભાંડુપ | બીના વાલજી વીરચંદ ધરમશી | જખૌ | ૩૭ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯.૦૫.૨૦૨૩ | બીડ(મહા.) | યશ ભરત લોડાયા | મોટી સિંધોડી | ૨૬ |
| | પુના | સાયોલી ઉમાશંકર સીંઘ | પટના (બિહાર) | ૨૭ |
| ૨૨.૦૫.૨૦૨૩ | મુલુંડ | દર્શિલ હરીશ માણેકજી દંડ | ભરૂડિયા | ૨૯ |
| | મુલુંડ | દેવયાની મણીલાલ શિવજી બલસરા | ચોબારી | ૨૯ |
| ૨૨.૦૫.૨૦૨૩ | ઘાટકોપર | વિનીત પ્રકાશ ટોકરશી લાલકા | લાલા | ૨૭ |
| | વિક્રોલી | ધૃતિ ઉમેશ કિરીટભાઈ ભટ | નવસારી | ૨૭ |

## આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮.૦૫.૨૦૨૩ | મુલુંડ | ચિરાગ કિરીટ છેડા | સુથરી | ૩૩ |
| | સાંતાક્રુઝ | સ્નેહા રાજીવ સહાની | રાયબરેલી | ૩૦ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯.૦૫.૨૦૨૩ | કોઈમ્બતુર | સુશીલાબેન ચાંપશી મોમાયા | વરાડીયા | ૮૯ |
| ૨૦.૦૫.૨૦૨૩ | ઘાટકોપર | ભારતીબેન ચંદ્રેશ લોડાયા | સુથરી | ૬૦ |
| ૨૧.૦૫.૨૦૨૩ | અંબડ | અનસુયાબેન વીરચંદ ધરમશી | નલિયા | ૮૩ |
| ૨૧.૦૫.૨૦૨૩ | થાણા | પુનશીભાઈ મેઘજી શિયાલ | દલતુંગી | ૮૬ |
| ૨૨.૦૫.૨૦૨૩ | ભાંડુપ | રેખાબેન પ્રફુલ શિયાલ | દલતુંગી | ૬૫ |
| ૨૩.૦૫.૨૦૨૩ | અંધેરી–વર્સોવા | કિરીટ ભવાનજી મોમાયા | વરાડીયા | ૬૩ |
| ૨૩.૦૫.૨૦૨૩ | બેલ્લારી | સોમચંદ મેઘજી મૈશેરી | જખૌ | ૬૩ |
| ૨૩.૦૫.૨૦૨૩ | ઘાટકોપર | ભારતીબેન લહેરચંદ ખોના | સુથરી | ૬૫ |
| ૨૬.૦૫.૨૦૨૩ | મસ્જીદબંદર/રાજકોટ | પ્રેમીલાબેન ભાણજી લોડાયા | દલતુંગી | ૮૯ |
| ૨૬.૦૫.૨૦૨૩ | કલકત્તા | હિતેશ વીરા (ક.વી.ઓ.) (લક્ષ્મીબાઈ લલીતચંદ્ર શિયાલના જમાઈ) | નાની ખાખર | ૫૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૦૫.૨૦૨૩ | કોઈમ્બતુર | મણીકાંત ધનજી મૈશેરી | મોટી સિંધોડી | ૮૦ |
| ૨૮.૦૫.૨૦૨૩ | ન્યુયોર્ક | લક્ષ્મીચંદ મેઘજી લોડાયા (ભાટે) | તેરા | ૮૨ |
| ૩૦.૦૫.૨૦૨૩ | વડોદરા | વંદનાબેન મંગલ કુરૂવા | ગોધરા | ૬૪ |
| ૩૧.૦૫.૨૦૨૩ | ડોંબિવલી | કુસુમકાંત કુંવરજી લાલકા | વારાપધર | ૬૮ |
| ૩૧.૦૫.૨૦૨૩ | જામનગર | હરેશ બાબુલાલ ખોના | ગોરખડી | ૬૦ |
| ૩૧.૦૫.૨૦૨૩ | ડોંબિવલી | જયવંતીબેન મહેન્દ્રભાઈ લોડાયા | બાયઠ | ૬૭ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Pratap Dhanji Nagda (Manawala) (PS-2068)**
101-102, Ratna Residency-2,
Mahalaxmi Mandir Road,
Near Palai Villas, Off Lam Road,
Deolali, MH - 422 401. M. : 99675 86480.

**Shri Vishant Kulinkant Kuruva (PS-650)**
904, Arkade Serene, Sunder Nagar,
Swami Vivekanand Marg,
Malad (West), MH - 400 064.
M. : 98673 01050 / 93203 01050.

**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા

## વતનના વર્તમાન

સંકલન : **કેસરસિંહ ખોના**

### પ્રાચીન મોડપર તીર્થે ધ્વજારોહણ મહોત્સવ

૪૫૦ વર્ષથી પણ વધુ પ્રાચીન મોડપર તીર્થના તીર્થાધિપતિ સુપાર્શ્વનાથ જિનાલયની ૧૦મી ધ્વજારોહણની ઉજવણી કરવામાં આવી હતી.

### મોતિયા મુક્ત કચ્છ અભિયાન

ભોજાય સર્વોદય ટ્રસ્ટે તેના રજત જયંતિ વર્ષની ઉજવણીના ભાગ રૂપે કચ્છને મોતિયા (કેટરેક્ટ) મુક્ત કરવાનો સંકલ્પ કર્યો છે કે ૨૫૦૦થી વધુ દરદીઓને નિઃશુલ્ક મોતિયા મુક્ત કરાશે.

આ સંકલ્પની પૂર્તિ માટે કચ્છના ૫૦૦ થી વધુ ગામો અને વાંઢની મુલાકાત લઈ આંખના દરદીઓની તપાસ કરશે. અને મોતિયા તથા ઝામરના દરદીઓને જરૂર મુજબ દવા ઉપલબ્ધ કરાવશે. ઑપરેશન નિઃશુલ્ક ધોરણે રતનવીર હોસ્પિટલ ભોજાય અને વાગડ વેલફેર હોસ્પિટલ ભચાઉમાં હાથ ધરાશે. આ સમગ્ર અભિયાનમાં માતાના મઢ જાગીર, ટ્રસ્ટ, ક.વી.ઓ. મહાજન ભુજ, એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝ (શ્રોફ પરિવાર) લાયસન્સ ક્લબ ઓફ કિંગ્સ સર્કલ, વાગડ સર્વોદય ટ્રસ્ટ, સેરોન ફાર્મા એન્ડ ડ્રગ્સ લિ. તથા જ્યોતિ ગ્લોબલ પ્લાસ્ટ સહયોગ આપનાર છે.

### ગોડિયા પાર્શ્વનાથ જિનાલય નાની સિંધોડી

નાની સિંધોડી રાપર ગઢવારી જિનાલયના ૧૩૧મો ધ્વજારોહણ મહોત્સવ ધામધુમથી ઉજવાયો હતો.

### જામનગર સેનેટોરીયમ-વિદ્યાર્થીગૃહ

શ્રી ક.દ.ઓ. જૈન સહાયક સમિતી ટ્રસ્ટ સંચાલિત શ્રી રામજી માણેકજી નાગડા સેનેટોરીયમ અને શ્રી નાગશી જીવરાજ દેવાણી વિદ્યાર્થીગૃહ જામનગરના ભવનના પુનઃ નિર્માણ ક રવાનો નિર્ણય લેવાયો છે. નવ નિર્મિત ક.દ.ઓ. ભવનમાં અદ્યતન અતિથીગૃહ, ભોજનશાળા અને વિદ્યાર્થીગૃહ તથા કન્યા છાત્રાલય પણ સાથે જ રાખવામાં આવશે.

### મોટી સિંધોડી ગૌશાળાની આસપાસ વૃક્ષારોપણ



મોટી સિંધોડી ગૌશાળાની આસપાસ પાંચ એકર વિસ્તારમાં ૧૦ પ્રકારના ૨૦૦૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા છે. આપણી અન્ય ગૌશાળાઓએ પણ આવી રીતે જગ્યા મુજબ વિવિધ પ્રકારના દેશી વૃક્ષો ઉગાડવાનો પ્રયાસ કરે એ ઈચ્છનીય છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ**

# Tripadi: The Three Aspects Of Eternal Truth



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

When his 'gandhars' (chief disciples) raised a query about the essence of reality, Bhagwan Mahaveer replied to them with the phrase "upannaiva, vighmaiva, dhuvaiva" to describe the nature of the universe and the cycle of existence. Each word in the phrase carries a specific meaning:

1. **Upannaiva:** Upannaiva means "arisen" or "manifested." Upannaiva signifies the beginning or arising of the universe.
2. **Vighmaiva:** Vighmaiva means"dissolved" or "destroyed." Vighmaiva represents the end of a particular cycle of the universe.
3. **Dhuvaiva:** Dhuvaiva means "sustained" or "maintained." It represents the stage of the universe where it is sustained and continues to exist. During this phase, the various elements and beings in the universe coexist and interact according to their karmic influences.

This phrase reflects the cyclical nature of the universe in Jain cosmology. It acknowledges the continuous process of creation, sustenance, and eventual dissolution that characterises the cosmic order and acts as a reminder of the impermanence and transience of the material world, emphasising the importance of focusing on spiritual liberation and the eternal nature of the soul.

While Mahavir's understanding of the universe is based on metaphysical perspective, it is a stunning fact that this principle is reflected in modern empirical science:

**1. Arising (upannaiva):** In modern science, the principle of cosmic inflation suggests that the universe underwent a rapid expansion in its early stages, leading to its initial formation. This is the parallel of the 'upannaiva' stage in Jainism.

**2. Sustaining (dhuyvaiva):** In scientific terms, the principles of gravity, electromagnetism, and other fundamental forces govern the dynamics and stability of celestial bodies, galaxies, and the overall structure of the universe. This sustenance can be likened to the "dhuvaiva" phase in Jainism.

**3. Dissolution (vighmaiva):** In scientific theories such as the Big Crunch or the eventual heat death of the universe, there is speculation about the eventual dissolution or end of the universe. According to Jainism, the universe undergoes cycles of dissolution and re-creation. This idea aligns with the "vighmaiva" phase in Jainism, where the universe is eventually dissolved or destroyed.

This comparison provides interesting insights and fosters a dialogue between scientific and philosophical perspectives, helping to expand our understanding of the universe and our place within it!

Then what about the fundamental Jain belief that the universe is 'anadi anant' (without a beginning or an end)?

At first glance, these two concepts might appear contradictory but we must understand that they operate on different levels of reality within the Jain worldview.

The concept of "anadi anant" refers to the ultimate reality or the timeless nature of the universe from a metaphysical perspective. It signifies that the universe transcends the constraints of time, having neither a beginning nor an end. It emphasizes the infinite nature of existence beyond the cyclical manifestations.

On the other hand, the principle of "upannaiva, vighmaiva, dhuvaiva" describes the cyclical nature of the manifested universe at a relative level. It focuses on the recurring patterns of creation, sustenance, and dissolution within each cosmic cycle.


These two concepts are different ways of understanding the nature of the universe from different viewpoints. The concept of "Anadi Ananta" pertains to the ultimate reality beyond the cycles, while the principle of "upannaiva, vighmaiva, dhuvaiva" addresses the cyclical manifestations within the relative reality.

Jain philosophy accepts the coexistence of these perspectives, recognizing the inherent limitations of human understanding in comprehending the complexities of existence. It acknowledges that ultimate reality transcends human concepts and is beyond intellectual grasp.

Therefore, while there may seem to be a surface-level contradiction, Jain philosophy holds these concepts as complementary in providing a multifaceted understanding of the universe and its eternal nature. Our salutations to the unimaginable vastness and depth of this great wisdom!

Over View

# YESTERDAY WAS OVER YESTERDAY



**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646

ભૂતકાળના ભૂતને પકડી ન રાખો
અભૂતપૂર્વ સુંદર જીવન વેડફી નાખશો.

On every visit to Gadag I spend a good amount of time at Jeevan Sandhya- Sukhalay, a senior citizen's home, with which I had the fortune of associating with it from day one. Without exception, all the residents talk about their past only. They have love affair with the past. So also are most of the retired people. They live in history. Unfortunately, even youngsters have developed this mental attitude. Oh! those good old days! Where have they vanished?

A friend of mine in childhood lost Rs.5 and was scolded and consequently is not able to forget it even after 65 years. The unhappy childhood was over a few decades ago... but the emotional baggage remains. Lack of parental attention and comparisons with siblings is decades old but the suppressed emotions are still burning. Though physical abuses have become distant memories the emotional effect still lingers. The complex suffered owing to the judgements passed on your physical appearance during your adolescence continue to have an emotional hold on you, though years have passed by since. And the baggage of hundreds of such situations/remarks/events we carry for life time or beyond, if there is one.

Our past has left us a long time back; yet most of us continue to carry it in our head and continue to be affected by it.

The past has no reality except in the memory in which it is processed. Yet, so many people are caught up in the whirlpool of pretending that their past is still real. By abusing their todays over regrets of the past, they endlessly lose todays that could've been used to build their tomorrows.

Nothing is greater retardant to growth than the burden of the emotional baggage of the past.

Yesterday was over yesterday, and that is the reality. Today is a new day. Today is new beginning and this is the reality. Accept this reality and your suffering will cease that very instant. Draw a line to your past and move on.

To unburden yourself of your past and to offload your emotional baggage, first and foremost, embrace forgiveness. Remember between the hated and the hater, it is always the hater who suffers more. Guilt is as much a retardant as hurt. Liberate yourself from both. A little pain one part of the body should not stop the functioning of the entire body.

The trouble with emotional baggage is that it gives you scratched spectacles to view the world. When your spectacles are scratched, everything you see appears to be scratched too. You become incapable of seeing life as it is. You only see through the experiences of your past.

Don't leave like a psychological antique. Let not your days be photocopies. Wake up from this psychological slumber. Many more beautiful moments await in your life.

Today can be the last day of your life. True. Equally true is the fact that today is the 1st day of the rest of your life . The beginning is from where you begin. Let us begin today. Begin now. The person you will become in life is waiting for you in the future. Go and meet him.

तुम कहां थे यह जरुरी नहीं,
जरुरी यह है की तुम कहां जाना चाहते हो।

## શ્રધ્ધાંજલિ ના સુમન અર્પણ

જન્મ :
તા. ૨૧-૦૭-૧૯૬૮



મરણ :
તા. ૦૫-૦૫-૨૦૨૩

### સ્વ. શ્રી વિનીત ધનજી ધરમશી

કોઠારા - ડોંબિવલી

શબ્દો નથી સુજતા અમને, શું લખીએ શ્રધ્ધાંજલિ માં
પરિવાર જેમનું મંદિર હતું, અને પરિશ્રમ હતું એમનું કર્તવ્ય.
સુખ-દુઃખમાં સદાય હસતા રહ્યાં,
ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં.
કલ્પી ન શકાય એવી તમારી અણધારી વિદાય,
અમારા સૌના કાળજા કંપાવી ગઇ.
સચ્ચાઇનો નથી થતો સ્વીકાર,
તમારા વિના છે સૂનો પરિવાર.
આપના સદ્ગુણો, સંસ્કાર અને આત્મબળ અમારામાં રહે,
એવી ભાવના સાથે ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ.

હે પ્રભુ ! સદ્ગતશ્રીના આત્માને આપજો પરમશાંતિ
એજ અંતરભીની પ્રાર્થના અમારી.

**સૌજન્ય :**

**મિતા-વિનીત, પ્રિન્સ, રોનક**
**ગં.સ્વ. મંજુલાબેન ધનજી ધરમશી**
હેતલ-ગિરીશ, યજ્ઞેશ, કોમલ-શિરીન
**અ.સૌ. મંજુલાબેન લહેરચંદ પોલડિયા**
**ગં.સ્વ. જયાબેન ખુશાલચંદ પોલડિયા**
હિના-દીપક, દીના-કમલેશ, અમિતા-મુલેશ, દીપા-કેતન
મિના-અજય, યામિની-હિરેન, સ્વ. પ્રકાશ, રેખા-ભુપેન

**મિત્ર પરિવારો :**

- પ્રફુલ રતનશી ધરમશી
- વિનાયક શ્રીનિવાસ ગુર્જર
- મુકેશ ભવાનજી લોડાયા
- નિલેશ સુરેશ કપાસી
- કલ્પેશ ખુશાલ ધરમશી
- સંદીપ મનસુખલાલ કોઠારી
- મુકેશ જાધવજી ધરમશી
- ગુરૂકુળ સ્કુલ ફ્રેંડ્સ ગ્રુપ
- હેમંત રમેશ ધુલ્લા
- સોહમ્ એડ્યુકેટર્સ
- કેતૂલ વીરચંદ પોલડિયા
- ઇમેજિનેશન - કુડી
- મહેન્દ્ર મેઘજી મોતા
- શ્રી ક.દ.ઓ. મંડળ, ડોંબિવલી

## લગ્ન વિષયક



### મેહલ કેતન શાહ (દંડ)

જન્મ : ૭, ફેબ્રુઆરી ૧૯૯૬
જન્મ સ્થળ : ચેન્નઈ
ગામ : તેરા (નાગપુર)
ઉંચાઈ : ૫'૨''
વજન : ૮૦ કિ.
અભ્યાસ : એમબીએ (ફાઈ.)
વ્યવસાય : સિની. ટેક્ષ કન્સલ્ટન્ટ (અર્નેસ્ટ એન્ડ યંગ)
હાલે : બેંગ્લોર
બેંગ્લોરમાં રહેતા તથા નોકરી કરતાં યુવકને પ્રાથમિકતા અપાશે.

**માતા-પિતા : ચેતનાબેન કેતન શાહ (દંડ)**
**(આણંદ પરિવાર) - તેરા (નાગપુર)**
કોન્ટેક્ટ નં. : 94800 56473 / 94490 76473
**દાદી-દાદા : સ્વ. ચંપાબાઇ લખમશી દંડ**
**નાની-નાના : ગં.સ્વ. ગીતાબેન વીરચંદ મોતા**

## મારા પ્યારના સાગર ... સરલાને
## પ્રથમ પુણ્યતિથીએ ભાવપુર્ણ શ્રદ્ધાંજલી

: જન્મ :
૨૫.૦૩.૧૯૬૩



: અરિહંતશરણ :
૦૮.૦૬.૨૦૨૨

### સ્વ. અ.સૌ. સરલા શાંતિલાલ દંડ

(ગામ : સાંધવ - હાલ : ડોંબિવલી)

દૃષ્ટિમાં હજુએ રમે છે, તમારો હસતો ચહેરો,
અંતરમાં હજુએ પડઘાય છે, તમારી સ્મૃતિના ધબકારા,
વ્યવહારમાં સચવાય છે, તમારા સંસ્કારના રણકાર,
સ્મૃતિમાં હજુએ સંભળાય છે, તમારી યાદોના ભણકારા.
આપના આશિર્વાદથી પરિવાર સમૃદ્ધ થયો
એ તેજસ્વી પુણ્યાત્માને પ્રભુ પરમ શાંતિ આપે એવી પ્રાર્થના.

**-: શ્રદ્ધાસુમન અર્પણ કરનારા :-**
**શ્રી શાંતિલાલ વિશનજી દંડ પરિવાર**

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




| If undelivered, please return to : | To, |
| --- | --- |
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**